*If you want to fly, We provide wings...*

ICE®

# TRENDING CURRENT

TOPIC 21

## માનવ વિકાસ સૂચકાંક
## (HDI-Human Development Index)



ચર્ચામાં શા માટે ?

આ સૂચકાંકના તારણો :-

HDI વિશે :-

સંપાદક

મૌલિક ગોંધિયા

(Director - ICE)


TOPIC-21નો
વીડિયો જોવા માટે અહીં
CLICK કરો

YouTube
ICE RAJKOT
SUBSCRIBE
માટે અહીં
CLICK કરો

અમારી સાથે જોડાયેલા રહો :

www.iceonline.in t.me/icerajkotofficial 9375701110/9328001110




- તાજેતરમાં યુનાઈટેડ નેશન ડેવલપમેન્ટ પ્રોગ્રામ (UNDP) દ્વારા માનવ વિકાસ સૂચકાંક (HDI)-2019 જાહેર કરવામાં આવ્યો છે.
- UNDP દ્વારા દર વર્ષે પ્રસિદ્ધ થતાં 'માનવ વિકાસ અહેવાલ' ના ભાગરૂપે HDI જાહેર કરવામાં આવે છે.

## આ સૂચકાંકના તારણો :-

- આ સૂચકાંકમાં 189 દેશોમાંથી ભારતનો ક્રમ 129મો રહ્યો છે. જ્યારે વર્ષ 2018માં ભારતનો ક્રમ 130મો હતો.
- ભારતની આ વર્ષની HDI વેલ્યુ 0.647 રહી છે.
- આ વર્ષના અહેવાલમાં 21મી સદીમાં 'વધતી જતી માનવ વિકાસની અસમાનતાઓ' પર મુખ્ય ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.
- આ અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે વિશ્વમાં ગરીબી, ભૂખ અને રોગને દૂર કરવા માટેના પગલાં લેવામાં આવ્યાં છે, પરંતુ વિશ્વમાં એક નવા યુગની અસમાનતાઓ સામે આવી રહી છે.
- આ નવી અસમાનતાઓ શિક્ષણ, ટેક્નોલોજી અને આબોહવા પરિવર્તનના ક્ષેત્રમાં જોવા મળી રહી છે.
- આ વર્ષે પ્રથમ ત્રણ ક્રમાંકો અનુક્રમે નોર્વે, સ્વિટ્ઝર્લેન્ડ અને આયર્લેન્ડના રહ્યાં છે. જ્યારે 189મો એટલે કે અંતિમ ક્રમ નાઈજર દેશનો રહ્યો છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ભારતના પાડોશી દેશો પૈકી 71માં ક્રમ સાથે શ્રીલંકા અને 85માં ક્રમ સાથે ચીન ભારતની આગળ રહ્યાં છે. જયારે ભારતની પાછળ રહેલા દેશોમાં ભૂતાન (134), બાંગ્લાદેશ (135), મ્યાનમાર (145), નેપાલ (147), પાકિસ્તાન (152) અને અફઘાનિસ્તાન (170) નો સમાવેશ થાય છે.
- BRICS દેશોની વાત કરીએ તો 49માં ક્રમે રશિયા પ્રથમ છે જયારે ભારત સૌથી પાછળ છે.
- આ અહેવાલ મુજબ 1990 થી 2018 ના સમયગાળા દરમિયાન 46% વૃદ્ધિ સાથે દક્ષિણ એશિયા સૌથી ઝડપી વિકસતો વિસ્તાર છે.

## HDI વિશે :-

- HDI વિશેનો સૌપ્રથમ ખ્યાલ પાકિસ્તાનના અર્થશાસ્ત્રી મહબુબ-ઉલ-હક દ્વારા 1990માં આપવામાં આવ્યોં હતો.
- નોબેલ પુરસ્કાર વિજેતા અમર્ત્ય સેને આ ખ્યાલનો ઉપયોગ પોતાના માનવ ક્ષમતાવાદ (હ્યુમન કેપેબિલિટી થિઅરી)માં કર્યો હતો અને માનવ વિકાસ અહેવાલની રચનામાં પોતાનો ફાળો આપ્યો હતો.
- HDI ની ગણતરી મુખ્ય 3 માપદંડોના આધારે કરવામાં આવે છે.
  (1) લાંબુ અને સ્વસ્થ જીવન
  (2) જ્ઞાનની ઉપલબ્ધતા
  (3) યોગ્ય જીવન ધોરણ.
- માનવ વિકાસ અહેવાલમાં HDI ઉપરાંત પ્રસિદ્ધ થતાં સૂચકાંકોમાં જાતિ વિકાસ સૂચકાંક, જાતીય અસમાનતા સૂચકાંક, બહુપરિમાણ્વીય ગરીબી સૂચકાંક અને ઈનઈક્વાલિટી એડ્જેસ્ટેડ HDIનો સમાવેશ થાય છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે
નીચે આપેલા અમારા
Social Media Icon પર Click કરો.

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT